# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૪૪ કેસ

## રાજ્યમાં એક દિવસમાં ૧૬નાં મોત : અત્યાર સુધીમાં ૩૧૮૩ના મૃત્યુ થયા, ૯૧૪૭૦ ડિસ્ચાર્જ થયા : ૯૪ વેન્ટીલેટર પર છે

ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૧,૬૬૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૪૪ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧ લાખ ૧૦ હજારને પાર થઈ ૧,૧૦,૯૭૧ થયો છે. રાજ્યમાં આજે ૧૬ દર્દીના મોત કોરોનાને લીધે થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૧૮૩ થયો છે. રાજ્યમાં આજે ૧૨૪૦ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૯૧ હજારને પાર થઈ ૯૧,૪૭૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ એક્ટિવ કેસ ૧૬૩૧૮ થયો છે. જેમાં ૯૪ વેન્ટીલેટર પર અને ૧૬૨૨૪ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાનો વ્યાપ સતત વધતો જાય છે. સપ્ટેમ્બર મહિનાના ૧૧ દિવસમાં દસ દિવસ કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ને પાસ જઈ રહ્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૬ જણાના મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૩ અને જિલ્લામાં ૨, ભાવનગરમાં ૨, બનાસકાંઠા, ગાંધીનગર, રાજકોટ શહેર અને જિલ્લા, વડોદરા શહેર અને જિલ્લામાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદમાં આજે ૧૫૩ અને જિલ્લાના ૨૧ સાથે ૧૭૪ કોરોનાના કેસ નોંધાયા છે. આજે અમદાવાદ શહેરમાં ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક અમદાવાદમાં ૧૭૫૨ નોંધાયા છે. સુરત શહેરમાં કોરોના આજે ૧૭૪ અને જિલ્લામાં ૧૦૧ સાથે ૨૭૫ કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો શહેરમાં ૨૩૭૦૭ છે. જ્યારે આજે ૫ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૮૭ થયો છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૩૯ સાથે ૧૩૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૯૫૭૧ પહોંચ્યો છે. આજે ૨ મોત નોંધાતા કોરોનાના કુલ મૃત્યુઆંક ૧૪૮૫૨ પહોંચ્યો છે. રાજકોટ શહેરમાં ૯૯ અને જિલ્લામાં ૫૧ સાથે કોરોનાના ૧૫૦ કેસ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૪૦૦ પહોંચ્યો છે. આજે વધુ ૨ મોત સાથે રાજકોટમાં કુલ મૃત્યુઆંક ૧૦૭ થયો છે.

# ૩૮ ગુનાઓમાં સંડોવાયેલી બીજુડા ગેંગનો સૂત્રધાર એલસીબીની ઝપેટમાં

## પોલીસે ૫.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ અન્ય ત્રણ સાગરીતોને દબોચ્યા

## કબુલાત બાદ નાસતા ફરતા રાજસ્થાનના ત્રણ શખ્સોને ઝડપી લેવા પોલીસની કવાયત

હિંમતનગર, તા. ૧૧

ઘણા લાંબા સમયથી રાજસ્થાન અને સાબરકાંઠામાં વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધી કેટલાક શખ્સો ધાડ, લૂંટ, ઘરફોડ, મંદિર ચોરી અને વાહન ચોરીથી પોલીસ તોબા પોકારી ગઈ છે. ત્યારે તાજેતરમાં બાતમીને આધારે સાબરકાંઠા એલસીબીએ ગાંભોઈ અને વાંકાનેર નજીકથી ચોરેલી બે બાઈક ચોરીને હિંમતનગરના વિરપુર બાયપાસ નજીકથી અજાણ્યા બાઈકચાલકોને ઝડપી લઈ તેમની ઝડતી લેતા જાણે કે પોલીસને મોટી સફળતા મળી હોય તેમ રાજસ્થાન અને ગુજરાતમાં ચોરીના રવાડે ચઢેલ કુખ્યાત બીજુડા ગેંગના સૂત્રધાર સહિત અન્ય ત્રણને અંદાજે રૂ. ૫.૮૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આ ગેંગના ફરાર થઈ ગયેલ અન્ય ત્રણને પકડવા માટે સાબરકાંઠા એવલસીબીએ કેટલીક માહિતીને આધારે રાજસ્થાનના ડુંગરો અને ખેતરો ખુંદી રહી છે.

આ અંગે જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીકના જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૫ દરમિયાન ભિલોડા, શામળાજી સહિતના અન્ય સ્થળેથી વાહનચોરીની થયેલી ફરીયાદ બાદ પોલીસ આ શખ્સોને શોધી રહી હતી તો બીજી તરફ રાજસ્થાનની બીજુડા ગેંગના સૂત્રધાર તથા અન્ય છ સાગરીતો



દ્વારા રાજસ્થાન, અરવલ્લી અને સાબરકાંઠામાં અગાઉ રેકી કર્યા બાદ ધાડ, ઘરફોડ, મંદિર ચોરી તથા બાઈક ચોરીને લઈ જતા હતા અને તેઓ રાજસ્થાનના ડુંગરાળ વિસ્તારોમાં જઈને સસ્તા ભાવે વાહનો વેચી દેતા હતા. ઉપરાંત આ ગેંગના સભ્યોએ પ્રાંતિજ સહિત મહેસાણા જિલ્લાના માણસા, વિજાપુર સહિતના અન્ય સ્થળે પણ ચોરી કરીને તે વિસ્તારની પોલીસની ઉંઘ હરામ કરી દીધી હતી. જેથી એલસીબીએ આ વણઉકલ્યા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે એલસીબીને તપાસ સોંપી હતી.

દરમિયાન બે દિવસ અગાઉ કેટલાક શખ્સો ગાંભોઈ તથા વાંકાનેર ગામેથી ચોરેલ બાઈક લઈને રાજસ્થાનથી ચોરાયેલો માલ વેચવા માટે હિંમતનગર તરફ આવી રહ્યા હોવાની બાતમીને આધારે સાબરકાંઠા એલસીબીએ હિંમતનગર-વિરપુર બાયપાસ રોડ પર નાકાબંધી કરીને અગાઉ મળેલી બાતમી મુજબ બે બાઈક પર આવતા ચાર શખ્સોને ઉભા રાખી પુછપરછ આદરી હતી તેમ છતા તેઓ ભાગી જવાનો પ્રયાસ કરતા પોલીસે તેમને દોડીને પકડી લીધા હતા. ત્યારબાદ હિંમતનગર સ્થિત એલસીબી કચેરીમાં લાવીને પુછપરછ કરતા તે પૈકીનો બીજોડા ગેંગનો મુખ્ય સુત્રધાર ભગવાન બહેચર ડુહાએ અગાઉ ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ચાર ફરીયાદમાં વોન્ટેડ હતો તેને પકડી લીધો હતો. આ ઉપરાંત તેની સાથે બાઈક પર આવી રહેલા હરીશ રામલાલ મનાત (રહે. મનાતફલો, દેવલ, તાલુકો-જિલ્લો ડુંગરપુર), રમેશ કાંતિલાલ ભગોરા (રહે. ધામોદ, જિ. ડુંગરપુર) અને બીજોડા ગેંગનો રમેશ બહેચર ડુહાને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમની વધુ પુછપરછ કરતા તેમણે વર્ષ ૨૦૨૦ દરમિયાન રાજસ્થાન, અરવલ્લી અને સાબરકાંઠામાંથી ગેંરના સાગરીતોના સહકારથી ૧૭ થી વધુ ચોરીઓને અંજામ આપ્યો હતો.

એલસીબીએ પુછપરછ બાદ તેમની પાસેથી લગભગ ચોરાયેલી પાંચ બાઈકો, રૂ. ૪ લાખથી વધુનુ સોનુ મોબાઈ તથા અન્ય ચીજવસ્તુઓ મળી અંદાજે રૂ. ૫.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો છે. જોકે પકડાયેલા શખ્સોએ કરેલી કબુલાત બાદ એલસીબીના પીઆઈ એમ.ડી. ચંપાવત તથા જે.પી. રાવ અને તેમની ટીમ લગભગ ૩૮ ગુનાઓનો ભેદ ઉકેલ્યા બાદ બાકી રહેલા બીજુડા ગેંગના જીતેન્દ્ર ઉર્ફે કાળીયો ઉર્ફે લાલો મોગજીભાઈ ડામોર (રહે. ધામોદ), વિનોદ ધનેશ્વર મનાત (રહે. મનાતફલો) અને નરેશ ઉર્ફે ટેટો મણીલાલ ડુહા (રહે. બીજોડા ફલો, સીસોદ, રાજસ્થાન)ને ઝડપી લેવા માટે કેટલાક સમયથી તેઓ રાજસ્થાનના ડુંગરો અને સીમાડો ખુંદી રહ્યા છે.





## પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગ્વિજય દિવસની ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગ્વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા દિગવિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ સ્વામી વિવેકાનંદની બાવળાને ફુલહાર પહેરાવી સ્વામીજી તુ અમર રહોના નારા સાથે દિગવિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ કડીયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, ભાજપ તાલુકા પ્રમુખ બળવંતભાઇ પટેલ, ભાજપ મહામંત્રી ગીરીશભાઈપટેલ, ભાજપ મહામંત્રી નિકુંજ રામી, કોષાઅધ્યક્ષ ધવલભાઇ રાવલ, ભાજપ યુવા મોરચાના પ્રમુખ કુશવભાઇ બ્રહ્મભટ્ટ, તાલુકા યુવા મોરચા પ્રમુખ વિપુલભાઈ શર્મા, મહામંત્રી વિપુલભાઈ ભોઇ, કલ્પેશભાઇ પટેલ સહિત નગરપાલિકાના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રાંતિજના પલ્લાચર ગામે તલાટી કમ મંત્રી વિરૂદ્ધ

# એટ્રોસીટીની ફરિયાદ રદ કરવા માટે ત્રણ જગ્યાએ આવેદનપત્ર અપાયુ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ખાતે તલાટી કમ મંત્રી સામે અરજદાર



દ્વારા ખોટી રીતે થયેલ એટ્રોસીટીની ફરિયાદના વિરૂધ્ધમાં પ્રાંતિજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પ્રાંતિજ ખાતે ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપવામાં આવ્યુ અને એટ્રોસીટીની ખોટી ફરિયાદ રદ કરવા જણાવ્યું.

પ્રાંતિજના પલ્લાચર ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા પટેલ પંકજકુમાર નાન્હાલાલ પાસે અરજદાર દ્વારા નિયમ વિરૂધ્ધ કામ કરાવવા દબાણ કરેલ પરંતુ ટલાટી કમ મંત્રી પંકજકુમારે નિયમ વિરૂધ્ધ કામ કરવાની ના પાડતા અરજદારે પોતાની જાતિ વિરુધ્ધ ટીપ્પણી કરેલ છે તેવી બિલકુલ ઉપજાવી કાઢેલ હકીકતના આધારે એટ્રોસીટી એકટ ફરીયાદ કરેલ છે. જો આ રીતે સરકારી કર્મચારી ઉપર ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવે તો કર્મચારી દબાણવશ ખોટા કામ કરવા પ્રેરાશે તથા આવા ઈસમો દ્વારા કાયદાનો દૂર ઉપયોગ કરી વહીવટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થશે. પલ્લાચર તલાટી કમ મંત્રી પટેલ પંકજકુમાર નાન્હાલાલ ઉપર થયેલ એટ્રોસીટીની ફરિયાદ રદ કરવા જરૂરી પગલા ભરવા વિનંતી સાથે પ્રાંતિજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપવામાં આવ્યુ જેમાં પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા તથા પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરા તથા પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલને આવેદનપત્ર આપીને ખોટી રીતે લગાવેલ એટ્રોસીટીની ફરિયાદ રદ કરવા વિનંતી કરી. આ પ્રસંગે પ્રાંતિજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ મકવાણા રણજિતસિંહ, ઉપપ્રમુખ રાધિકાબેન પટેલ, મંત્રી ચારણ નરેન્દ્રસિંહ સહિત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર ફોરચ્યુન કાર પલ્ટી ખાઈ જતા કારસવાર પાંચને ઈજાઓ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ



હિંમતનગર તરફથી આવતી ફુલફાસ્ટ ફોરચ્યુન કાર ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર રોડના વચ્ચે આવેલ ડિવાઈનર ચડી રોડની રોંગસાઇડમાં જઈ રોડ ઉપર ત્રણ પલ્ટી ખાઈ જતા કારમાં સવાર પાંચને ઈજાઓ પહોંચી હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ રાંધીયા વડ પાસે હિંમતનગર તરફથી ફુલફાસ્ટ આવતી ફોરચ્યુન કાર જેનો નંબર જીજે૦૩.ઈએલ.૬૧૬૫ના ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ રોડ વચ્ચે ડીવાઈડર વચ્ચે રહેલ ઝાડને પાડીને રોડની રોંગસાઇડમાં અમદાવાદથી હિંમતનગર તરફ જતા રોડ ઉપર ત્રણ પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માત થતા આજુબાજુ રહેતા મીઠાભાઈ પટેલ સહિત લોકો દોડી આવ્યા હતા અને કારમાં સવાર પાંચેય ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઉનાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું અને ૧૦૮ને ફોન કરતાં ૧૦૮ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવતા ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ વધુ સારવાર અર્થે તેવોને હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતાં પ્રાંતિજ પોલીસ તાત્કાલિક નેશનલ હાઈવે આઠ ઉપર દોડી આવી ટ્રાફિક હળવો કર્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાબરકાંઠામાં કોરોના વધુ ૧૧ કેસ નોંધાયા

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો વિકરાળ પંજો વધુ ફેલાઈ રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં ૬ સહિત જિલ્લામાં વધુ ૧૧ કેસ નોંધાતા કુલ આંકડો ૭૬૧ પહોંચી ગયો છે. તેમજ વધુ એક દર્દી કોરોના સામે હારી ગયો છે. જેથી જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૯ થઈ ગયો છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે સાંજે પાંચ વાગ્યાથી શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા ૧૧ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના ઉમિયાનગરમાં ૩૪ વર્ષીય પુરૂષ, દેધરોટામાં ૫૯ વર્ષીય પુરૂષ, પોલોગ્રાઉન્ડમાં ૬૫ વર્ષીય મહિલા, શાંતિનગરમાં ૭૫ વર્ષીય પુરૂષ, વિરાટનગરમાં ૪૮ વર્ષીય પુરૂષ અને અમનપાર્કમાં ૬૦ વર્ષીય પુરૂષનો કોરોનાના લક્ષણો જણાતા સારવાર માટે ખસેડાયા છે.

તેજ પ્રમાણે ઈડરમાં ૫૫ વર્ષીય પુરૂષ તથા તાલુકાના ભુતીયા ગામમાં ૬૨ વર્ષીય મહિલા, તલોદ તાલુકાના હરસોલમાં ૪૯ વર્ષીય મહિલા સહિત ખેડબ્રહ્માામાં ૬૫ વર્ષીય પુરૂષ તથા ખેડબ્રહ્મા ગામમાં ૬૧ વર્ષીય પુરૂષ કોરોનામાં સપડાયા છે. આમ જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવનો આંકડો ૭૬૧ પર પહોંચી ગયો છે. જોકે તે પૈકી ૬૫૯ સાજા થયા છે તેમ છતાં શુક્રવારે કોરોનામાં સપડાયેલા એક દર્દીનું અકાળે અવસાન થતા જિલ્લામાં મૃત્યુઆંક ૯ થયો છે.

## તણાવ ઘટાડવા... ● પહેલા પાનાનું ચાલુ

સંગઠનમાં થયેલી બેઠકમાં ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરે ચીની વિદેશ મંત્રી વાંગ યીની સામે બોર્ડરની સ્થિતિને રાખી હતી અને કહ્યું હતું કે, ચીને બોર્ડર પરથી પોતાના સૈનિકોની સંખ્યા ઓછી કરવી જોઈએ.

બંને દેશોના વિદેશપ્રધાનોએ સંયુક્ત નિવેદનમાં કહ્યું છે કે બંનો પક્ષોએ ભારત-ચીન સંબંધોને વિકસિત કરવા પર બંને દેશોના નેતાઓની વચ્ચે સર્વસંમતિ બનાવવાની ચાલી આવેલી પરંપરાથી માર્ગદર્શન લેવું જોઈએ, જેમાં મતભેદોને વિવાદ ના બનાવવો જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પણ કહ્યું હતું કે ભારત અને ચીનની કૂટનીતિ અને સૈન્યના વિવિધ સ્તરે એકબીજાના સંપર્કમાં છે અને સમસ્યાના સમાધાનના પ્રયાસો કરી રહ્યા છે. ભારત સીમા સમયસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે પ્રતિબદ્ધ છે.

બંને દેશો વચ્ચે આ બેઠકમાં પાંચ સુત્રીય ફોર્મ્યુલા પર વાત થઈ, જેના હેઠળ તણાવને ઓછો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સીમા પર ૧૯૭૫ બાદ પહેલીવાર ગોળીબારની ઘટના બની છે. તેમ છતાં બંને દેશો તરફથી કહેવાયું છે કે બંને મંત્રીઓએ ખુલીને બોર્ડર વિવાદ પર વાત કરી અને દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી હતી.

સુત્રોનું માનીએ તો, ભારતે ચીનની સામે બોર્ડર પર ચીની સૈનિકોનો મુદ્દો ઉઠાવ્યો હતો. સાથે જ ૧૯૯૩-૧૯૯૬માં જે સમજૂતી થઈ હતી તેનું ઉલ્લંઘન છે. ભારતે સાથે જ કહ્યું છે કે ચીને આટલાં સૈનિકોની તહેનાતી કેમ કરી છે, તેનો જવાબ મળ્યો નથી.

બીજી તરફ ચીની વિદેશ મંત્રી વાંગ યી તરફથી બોર્ડર પર શાંતિની વાત કહેવામાં આવી છે. જ્યારે કહેવામાં આવ્યું છે કે સીમા પર ગોળીબારી, ઘુષણખોરી જેવી ઘટનાઓ માહોલને બગાડવાનું કામ કરી શકે છે. ચીન તરફથી બોર્ડર પરથી સૈનિકોને હટાવવાની વાત કરવામાં આવી છે.

અગાઉ મોસ્કોમાં એસસીઓની બેઠક દરમિયાન જ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને ચીનના સંરક્ષણ પ્રધાન વચ્ચે બેઠક યોજાઈ ચૂકી છે. જોકે,એ પછી પણ બંને દેશો વચ્ચેની તંગદિલીમાં કોઈ ઘટાડો થયો નથી. ગયા સોમવારે બંને દેશો વચ્ચે ૪૫ વર્ષમાં પહેલીવાર ગોળીબાર પણ થયો હતો. ચીની સૈન્યએ ભારતીય પોસ્ટ તરફ આગળ ધપવા પ્રયાસ કર્યો હોવાના આક્ષેપ ભારતે કર્યો હતો.

ભારત-ચીન વચ્ચે પૂર્વ લદાખમાં આમ તો મે મહિનાથી જ તણાવ ચાલી રહ્યો છે, પરંતુ ૨૯-૩૦ ઓગસ્ટની રાતે ચીનની ઘૂસણખોરીથી સ્થિતિ વધુ બગડી ગઈ હતી. ચીનના સૈનિકોએ પેન્ગોન્ગ ઝીલના દક્ષિણ ભાગના પહાડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય જવાનોએ નિષ્ફળ કરી દીધો હતો. ત્યાર પછી બન્ને દેશોના આર્મી અધિકારીઓ વચ્ચે વાતચીત ચાલુ થઈ, પરંતુ આ સાથે જ ચીને ૪ દિવસમાં બીજી વખત ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો, પરંતુ દર વખત નિષ્ફળ રહ્યો.

# સેંટીંગ પ્લેટોના બે ચોરોને મુદ્દામાલ સાથે દબોચતી મોડાસા ટાઉન પોલીસ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ડુગરવાડા સર્કલ નજીક આવેલ બાગેહીદાયત સોસાયટીમાં બનતા નવીન મકાન આગળ મુકેલી ધાબુ ભરવાની લોખંડની નાની મોટી પ્લેટો નંગ-૯૦ જેની કિંમત ૬૩૦૦૦ની ચોરીની ફરિયાદ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જે



ચોરીની તપાસ મોડાસા ટાઉન પી.આઇ. સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડનો સ્ટાફ ચલાવી રહ્યો હતો.

તે દરમિયાન બાતમીના આધારે તેમજ સીસી.ટીવી ફૂટેજના આધારે જીણવટભરી તપાસ કરતાં જાણવા મળ્યું કે ચોરીમાં જીજે.૩૧.એક્સ.૨૭૧૧ નંબરની એક વાદળી કલરની લોડીંગ રીક્ષા ઉપયોગમાં લેવાઈ હતી, જેના આધારે ચોરીનો મુદ્દામાલ અને લોડીંગ રીક્ષા મળી કુલ ૧,૪૩,૦૦૦ મુદ્દામાલ સાથે ચોરી કરનાર બે ઈસમો બાબુભાઈ ઉર્ફે નરેશ જયંતીભાઈ રાવળ રહે. દોલપુર, તા. મોડાસા, જિ. અરવલ્લી અને ઈશ્વરભાઈ ઉર્ફે વિજય પ્રવીણભાઈ રાવળ રહે. બાજકોટ, તા. મોડાસા, જિ. અરવલ્લીને ઝડપી પાડવામાં મોડાસા ટાઉન પોલીસને સફળતા મળી છે.

## સપ્લાય ઘટ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી નવા અને જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ઢગલો ફરિયાદો તંત્રને મળે છે. જયારે પાણીની ફરિયાદ પાછળ નર્મદાનુ ડહોળુ પાણી જવાબદાર હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. દરવર્ષે વરસાદી દિવસો દરમિયાન નર્મદાના પાણીમાં ટર્બિલીટી વધતા ડહોળા પાણીની સમસ્યા ઉદભવે છે.આવા સંજોગોમાં સેકટરોમાં પાણીનો ફોર્સ વધારવામાં આવે તો પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ સર્જાય તેવી સ્થિતિ છે. થોડા દિવસોમાં ટર્બિલીટી ઘટી જશે ત્યારબાદ પાણીની હળવી સમસ્યાનો પણ અંત આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## ૧૦૦૦ની નજીક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૧૪માંથી ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા ગાંધીનગરની એક ખાનગી કોલેજમાં લાયબ્રેરીયન તરીકે સેવાઓ બજાવે છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માંથી એક ૭૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ છે.

સે. ૫ માંથી એક ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે. હિંમતનગર કૃષિ વિભાગમાં ફરજો બજાવતા અને સે. ૫ માં રહેતા ૩૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસેલોશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના બાગાયત ઓફિસર તરીકે ફરજો બજાવતા અને સે. ૨૭માં રહેતા ૩૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માંથી ૭૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨ માંથી એક ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

હરસોલ ખાતે બેંક મેનેજર તરીકે સેવાઓ આપતા અને સે. ૧૩ માં રહેતા ૩૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

એસ.આર.પી. ગૃપમાં એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા અને સે. ૩ માં રહેતા ૫૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨ માંથી એક ૫૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૭૫ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે. શહેરમાં હાલ ૧૭૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## રિયાની જામીન... ● પહેલા પાનાનું ચાલુ

આવી હતી, જે બાદ તેની ટીમે જામીન મેળવવા માટે સેશન્સ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. એક્ટ્રેસને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેની સામે એનડીપીએસ એક્ટની કેટલીક કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એનસીબી ઓફિસમાં એક રાત પસાર કરનાર રિયા ચક્રવર્તીને ૨૨ સપ્ટેમ્બર સુધી ભાયખલા જેલમાં શિફ્ટ કરવામાં આવી છે. તપાસ અધિકારી સમીર વાનખેડે આજે કેસમાં આગળની તપાસ કરવા માટે એનસીબી ઓફિસ પહોંચ્યા હતા. એનસીબીનું ધ્યાન સંપૂર્ણ રીતે હવે સમગ્ર ડ્રગ કાર્ટેલને મોટા જોડાણને શોધી કાઢવા પર છે, જેમાં રિયાએ ભૂમિકા ભજવી હોવાનું કહેવાય રહ્યું છે. એનસીબીએ જલેબી એક્ટ્રેસની ધરપકડ કરી હતી. ત્રણ દિવસ સુધી પૂછપરછ કર્યા બાદ એક્ટ્રેસે સ્વીકાર્યું હતું કે તેણે ન માત્ર મારીજુઆના પરંતુ ડ્રગ્સ પણ લીધા હતા. રિયાએ અગાઉ તેના ભાઈ શોવિક ચક્રવર્તી સાથે મળીને ડ્રગ્સની ખરીદી કરી હોવાની કબૂલાત કરી હતી, જેની પણ એનસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. મંગળવારે ધરપકડ થયા બાદ રિયાને મેડિકલ ચેક-અપ અને કોવિડ-૧૯ ટેસ્ટ માટે મુંબઈની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી.